# LAW

## PAPER - III

Signature of Invigilators

1. ..................................

2. ..................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll No. ..................................

..................................
(in words)

## JY–06/16

Name of the Areas/Section (if any)...............

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

---

### Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any,
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

### પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનો નો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંકપદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પશ્નપત્ર લઈ જવું નહીં.

### FOR OFFICE USE ONLY
### MARKS OBTAINED

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | 18. | | | |
| 2. | | 19. | | | |
| 3. | | 20. | | | |
| 4. | | 21. | | | |
| 5. | | 22. | | | |
| 6. | | 23. | | | |
| 7. | | 24. | | | |
| 8. | | 25. | | | |
| 9. | | 26. | | | |
| 10. | | | | | |
| 11. | | | | | |
| 12. | | | | | |
| 13. | | | | | |
| 14. | | | | | |
| 15. | | | | | |
| 16. | | | | | |
| 17. | | | | | |

Total Marks obtained ..............................

Signature of the co-ordinator ..........................
(Evaluation)

SEAL

## LAW
## Paper - III

## કાનુન
## પેપર-III

NOTE : This paper contains four sections. You are required to attempt all of them.
નોધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો આપવાના છે.

# SECTION - I

**Note :** Read the following paragraph and answer **Questions (1 - 5)** given below in **30 words** each. Attempt **ALL** the questions. **[Marks : 5 x 5 = 25]**

**નોંધ :** નીચેનો પેરાગ્રાફ વાંચી આપેલ દરેક પ્રશ્નો (૧ થી ૫)ના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો.

In P.V. Narasimha Rao V. State (1998), the Supreme Court observed that freedom of speech within the House formed part of the basic structure of the Constitution. This obiter came while deciding whether a member of the House can be prosecuted for taking a bribe for voting against a nonconfidence motion moved against the Rao Government. The Court by majority held that freedom under Article 105(1) and immunity under Article 105(2) were wide enough to confer immunity on a member from investigation into whether he took a bribe for voting this way or that way.

It is submitted that the majority decision is wron. Freedom is given to a member of the legislature in his capacity as a representative of the people. He can neither barter it away for a bribe nor be deterred from exercising it due to fear of expulsion from the party. Prosecution for taking bribe does not restrict his freedom. On the contrary enhances it because the freedom and immunity given to him by Article 105 of the constitution are given not in his own interest but in the interests of those whom he represents. Freedom of speech given by Article 19(1) (a) of the constitution is given to every citizen and is primarily to allow him to speak freely. There the primary interest is of the individual and the consequential interest is of the society. In the case of Article 105, which gives freedom of speech to a member of the Legislature, the primary interest is of the society and the consequential interest is of a member. By taking a bribe, he commits disloyalty towards the people who have elected him. In the light of the observations that freedom of speech of a member within the House was part of the basic structure of the constitution it is submitted that the provisions of the Tenth Schedule that make voting in the House contrary to the directions of the party to which the member belongs a ground for disqualification are clearly violative of the basic structure of the constitution.

પી.વી. નરસિંહરાવ વિ રાજયમાં, સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે વૈધાનિક ગૃહની અંદર વાણી સ્વાતંત્ર્ય એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે. આ કથન રાવ સરકાર સામે રજુ થયેલ અવિશ્વાસ પ્રસ્તાવની દરખાસ્તની વિરૂદ્ધમાં મત આપવા માટે સભ્યે લીધેલી લાંચ માટે તેની વિરૂદ્ધ ફરિયાદ કરી શકાય કે કેમ તે નિર્ણય લેતી વખતે સર્વોચ્ચ અદાલતે કર્યું. અદાલતે બહુમતીથી નક્કી કર્યું કે અનુચ્છેદ ૧૦૫(૧) અંન્વયેની સ્વતંત્રતા અને અનુચ્છેદ ૧૦૫(૨) અન્વયેની વિમુક્તિ એટલી વિશાળ છે કે જેમાં આપક્ષે કે તે પક્ષે મત આપવા માટે સભ્યે લાંચ લીધી છે કે કેમ તેની તપાસ સામે સભ્યને બક્ષવામાં આવેલી વિમુક્તિનો સમાવેશ થાય.

બહુમતી નિર્ણય ખોટો છે એવી રજુઆત છે. વૈધાનિક ગૃહના સભ્યને અપાયેલી સ્વતંત્રતા, લોકોના પ્રતિનિધિ તરીકેની હેસિયતથી મળે છે જેનો વિનિમય તે સભ્ય લાંચ લેવા માટે કરી શકે નહીં કે પક્ષમાંથી બરતરફ થવાના ભયથી તેનો ઉપયોગ કરતાં સભ્યને અટકાવી શકાય નહીં. સભ્યે લીધેલી લાંચ માટે તેની વિરૂદ્ધ કરવામાં આવતી ફરિયાદથી તેની સ્વતંત્રતા પર નિયંત્રણ આવતું નથી. પરંતુ આવી ફરિયાદથી સ્વતંત્રતા વધુ સુદૃઢ બને છે કારણ કે બંધારણના અનુચ્છેદ ૧૦૫ અન્વયે સભ્યને મળેલી સ્વતંત્રતા અને વિમુક્તિ, જે લોકોનું તે પ્રતિનિધિત્વ કરે છે તેમના હીત માટે છે, નહીં કે તેના પોતાના અંગત હીત માટે. બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) અન્વયેની વાણી સ્વતંત્રતા પ્રત્યેક નાગરીકને મળે છે જેનાથી તે મુક્તપણે બોલી શકે. અહીં વ્યક્તિનું હીત પ્રથમ છે અને સમાજનું હીત ત્યારબાદ ફલિત થાય છે. જ્યારે અનુચ્છેદ ૧૦૫ના કિસ્સામાં, વૈધાનિક ગૃહના સભ્યને મળેલી વાણી સ્વતંત્રતામાં સમાજનું હીત પ્રથમ છે અને સભ્યનું હીત ત્યાર બાદ ફલિત થાય છે.

લાંચ લઈને એવો સભ્ય, જે લોકોએ તેને ચૂંટ્યો છે તેમનો દ્રોહ કરે છે. વૈધાનિક ગૃહમાં સભ્યને મળતી સ્વતંત્રતા બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે એવા અવલોકનો સંદર્ભે એવી રજુઆત છે કે બંધારણના દસમા પરિશિષ્ટમાં સભ્ય જે પક્ષનો સભ્ય હોય તે પક્ષના આદેશો વિરૂદ્ધ મત આપે તો તે સભ્યને ગેરલાયક ઠેરવવાનું કારણ છે તેવી જોગવાઈઓ સ્પષ્ટપણે બંધારણના મૂળભૂત માળખાનો ભંગ કરે છે.

1. What was the justification for the Supreme Court's decision in P.V. Narasimha Rao's case ?
   પી.વી. નરસિંહરાવના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણય માટે શું સમર્થન છે ?

2. On what grounds the author disagrees with the Supreme Court's observations ?
**સર્વોચ્ચ અદાલતના અવલોકનો સાથે કયા કારણોસર આ લેખક અસંમત છે ?**

3. Comment on the interpretation of Article 105(1) and 105(2) with reference to the contents of the above paragraph.
**ઉપરોક્ત ફકરાઓના તત્વો સંદર્ભે અનુચ્છેદ ૧૦૫(૧) અને ૧૦૫(૨)ના અર્થઘટન પર ટીપ્પણી કરો.**

4. Comment on the statement of the author that the provisions of the Tenth Schedule are clearly violative of the doctrine of basic structure.
દસમા પરિશિષ્ટની જોગવાઈઓ મૂળભૂત માળખાના સિદ્ધાંતનો સ્પષ્ટ પણે ભંગ કરે છે તેવા લેખકના વિધાન પર ટીપ્પણી કરો.

5. How would you reconcile the primary interests of the individual and the consequential interests of the society in this case ?
આ કેસમાં તમે સભ્યના પ્રાથમિક હિતો અને ત્યારબાદ ફલિત થતા સમાજના હિતો, એકબીજાને અનુરૂપ શી રીતે બનાવશો ?

## SECTION - II

**Note :** Answer the following Questions in **30 words** each. Attempt **ALL** questions **(6 - 20)** **[Marks : 5 x 15 = 75]**

**નોંધ :** **નીચેના દરેક પ્રશ્નોના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો (૬ - ૨૦)**

6. Explain the difference between motive, preparation and attempt.
**પ્રયોજન, તૈયારી અને પ્રયત્ન વચ્ચેનો તફાવત સમજાવો.**

7. Discuss the concept of public nuisance in the light of 'Ratlam Municipality' case.
**'રતલામ મ્યુનીસીપાલીટી' કેસ સંદર્ભે જાહેર ઉપદ્રવની ચર્ચા કરો.**

8. What is 'res ipsa locutor ?' Explain its application in Indian tort law.
'વસ્તુ સ્વયં બોલે છે' એટલે શું ? ભારતીય અપકૃત્યના કાયદા સંદર્ભે તેનો અમલ સમજાવો.

9. Whether the fundamental right can be waived ? Explain.
શું મૂળભૂત અધિકારોનો ત્યાગ કરી શકાય ? સમજાવો.

10. Explain the principle of 'Bias'.
'પૂર્વગ્રહ'નો સિદ્ધાંત સમજાવો.

11. Explain the doctrine of precedent as applied by the Supreme Court of India.
ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા લાગુ કરાયેલ પૂર્વનિર્ણયનો સિદ્ધાંત સમજાવો.

12. What is environmental impact assessment ? Explain.
'પર્યાવરણ અસરની માપણી' એટલે શું ? સમજાવો.

13. What are the essential conditions of a valid marriage ? Explain.
યથાર્થ લગ્નની આવશ્યક શરતો કઈ છે ? સમજાવો.

14. What are the rights of the children as a marginalised group under International Convention ? Explain.
આંતરરાષ્ટ્રીય ઠરાવ અન્વયે હાંસિયાકૃત વર્ગ તરીકે બાળકોના અધિકારો કયા છે ? સમજાવો.

15. Tort is a civil wrong, remedy for which is unliquidated damages and which is different from contract and crime". Comment.
''અપકૃત્ય દિવાની પ્રકારનું દુષ્કૃત્ય છે જેને માટેનો ઉપાય અચોક્કસ વળતર છે અને તે કરાર અને ગુનાથી ભીન્ન છે'' ટીપ્પણી કરો.

16. Discuss rules of strict liability and absolute liability.
ચુસ્ત જવાબદારીના અને સંપૂર્ણ જવાબદારીના નિયમો ચર્ચો.

17. State and explain authorities under the Consumer Protection Act, 1986 to redress grievances of consumers.
ગ્રાહક રક્ષણ અધિનિયમ, ૧૯૮૬ અન્વયે ગ્રાહક તકરારોના નિરાકરણ માટેની સત્તાઓ જણાવો અને તેને સમજાવો.

18. "The law of partnership is a but extention of the law of Principal and agent". Comment.
''ભાગીદારીનો કાયદો એ માત્ર મુખ્યકર્તા અને અભિકર્તાના કાયદાનું વિસ્તૃતીકરણ છે'' ટીપ્પણી કરો.

19. Distinguish between sale and agreement to sell.
વેચાણ અને વેચાણ માટેની સમજૂતી વચ્ચેનો તફાવત જણાવો.

20. State and explain functions and powers of directors under the Companies Act.
કંપનીના કાયદા અન્વયે ડીરેક્ટરોના કાર્યો અને તેમની સત્તાઓ જણાવો અને સમજાવો.

## SECTION - III

**Note :** Answer all the five of the following questions **(21 - 25)** in **200 words** each.
**[Marks : 12 x 5 = 60**

**નોંધ :** **નિચે જણાવેલ બધાજ પ્રશ્નોના (૨૧ થી ૨૫) જવાબ આપો. દરેક પ્રશ્નનો જવાબ ૨૦૦ શબ્દોમાં આપો.**

21. Explain briefly how the doctrine of 'due process of law' was inserted in Article 21 ? Explain your answer with reference to Maneka Gandhi and subsequent decisions.

**અનુચ્છેદ-૨૧માં ''વિધિની વાજબી પ્રક્રિયા''નો સિદ્ધાંત કઈ રીતે દાખલ કરાયો તે સંક્ષિપ્તમાં સમજાવો ? મેનકા ગાંધી અને ત્યાર પછીના ચૂકાદાઓના સંદર્ભે તમારો જવાબ સમજાવો.**

22. Explain briefly the grounds on which the writ of Quo Warqanto can be issued?
કયા કારણોસર અધિકારપૃચ્છા આજ્ઞાપત્ર આપી શકાય તે સંક્ષિપ્તમાં સમજાવો.

23. How far has the Indian Judiciary brought out the social change in India ? Explain with reference to some leading or important cases.
ભારતીય ન્યાયતંત્ર કેટલી હદે સામાજીક પરીવર્તન લાવી શક્યું ? કેટલાક અગ્ર અથવા મહત્વના કેસોના સંદર્ભે સમજાવો.

24. Are courts in India entitled to read 'means rea' in a statute which apparently does not incorporate in the definition of crime ?
જે ગુનાની વ્યાખ્યામાં 'ગુનાહિત ઈરાદા'નો સમાવેશ ન થયો હોય તેવા ગુનાઓ માટે શું અદાલતો 'ગુનાહિત ઈરાદો' વાંચી શકે ?

25. Highlight the salient features of the Environment Protection Act, 1986.
**પર્યાવરણનો કાયદો, ૧૯૮૬ની મહત્વની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.**

## SECTION - IV

**Note :** Question No. 26 contains internal choices. You are requried to attempt any one of them in **1000 words.** **[Marks : 40 x 1 = 40]**

**નોંધ :** **આ ભાગમાં પ્રશ્ન નં ૨૬ છે જેનો જવાબ ૧૦૦૦ શબ્દો સુધી આપવાનો છે.**

26. "In regard to the functioning of Government, disclosure of information must be ordinary rule while secrecy must be an exception, justifiable only when it is demanded by the requirement of public interest". In the light of this statement explain the important provisions relating to 'obligations of public authorities' and 'exemption from disclosure of information' under the Right to Information Act, 2005.

**''સરકારના કાર્ય સંદર્ભે માહીતીનું પ્રકાશન નિયમ હોવો જોઈએ અને ગોપનીયતા અપવાદ હોવી જોઈએ તે પણ ત્યારે જ જ્યારે ગોપનીયતા જાહેર હીતમાં આવશ્યક હોય.'' પ્રસ્તુત વિધાનના પ્રકાશમાં માહીતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અન્વયે ''જાહેર સત્તાધિકારીની ફરજો'' અને ''માહીતી પ્રકાશનમાંથી મુક્તિ'' સંદર્ભે મહત્વની જોગવાઈઓ સમજાવો.**

## OR અથવા

'And then there was the Jessica Laal's case in which all material witnesses turned hostile and the Judge has to acquit the accused". Is it right and opportune time to self-introspect into the problems of the Criminal Justice Delivery System in India" ?

Critically examine the above statement in the light of Jessica Lall case.

**''અને ત્યારે જેસીકા લાલ કેસ હતો જેમાં તમામ મહત્વના સાક્ષીઓ ફરી ગયા અને ન્યાયાધીશને આરોપીને છોડી મૂકવાની ફરજ પડી'' ભારતની અપરાધિક ન્યાય વિતરણ પદ્ધતિનાં પ્રશ્નોમાં આત્મનીરીક્ષણ કરવા માટેનો આ યોગ્ય અને અનુકૂળ સમય છે જેસીકા લાલ મુકદમા સંદર્ભે ઉપરોક્ત વિધાનને ટીકાત્મક તપાસો.**

## OR અથવા

The capital punishment is the most controversial in the world and equally critical under international conventions and protocol. India still has not settled the problem of complete abolition of capital punishment from the statute. Examine the judicial trend and reflect on the future stand which India should accept.

''દેહાતદંડ વિશ્વમાં સૌથી ચર્ચાસ્પદ સજા છે અને આંતરરાષ્ટ્રીય ઠરાવો અને પ્રોટોકોલ સંદર્ભે પણ તે સમાન રીતે ટીકાપાત્ર છે. કાયદામાંથી દેહાંતદંડને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો પ્રશ્ન હજી ભારત હલ કરી શક્યું નથી. દેહાતદંડ બાબતે ન્યાયિક અભિગમ તપાસો અને ભવિષ્યમાં ભારતે ક્યું દષ્ટિબિંદુ અપનાવવું તે ચિંતન દર્શાવો.''